Nirman Bhavan, Opp. Law Garden,
Ellisbridge, Ahmedabad - 380 006.
Phone : (079) 26565935,
Telefax : (079) 26430213
E-mail : gicea2005india@yahoo.co.in
www. gicea.com

ESTD. : 1947

# THE GUJARAT INSTITUTE OF CIVIL ENGINEERS & ARCHITECTS

ISO 9001-2008
CERTIFIED INSTITUTE

**Haresh Parikh**
Hon. Treasurer

**Prashant Shah**
President

**Bakul Desai**
Hon. Secretary

**Circular No. 02/2010-11** **19-04-2010**

પ્રિય સભ્ય મિત્રો,
એન્ટરટેઈનમેન્ટ કમીટીનો પ્રોગ્રામ એટલે સહકુટુંબ મનોરંજન. પ્રતિવર્ષ આ કમીટી મનોરંજનથી ભરપૂર એવા કાર્યક્રમો સંસ્થાના સભ્યો માટે કરે છે. આ વર્ષે આ કમીટી ખૂબ સારા કાર્યક્રમો ખાસ દરથી માત્ર આપણા સભ્ય મિત્રોને આપવાનું આયોજન કરી રહી છે.

## મનોરંજનથી ભરપૂર ખજાનો "સમર બોનાન્ઝા"

નવા વર્ષની શુભ શરૂઆત દ્વારા પાંચ જેટલા મેગા કાર્યક્રમોનું આયોજન નજીવા દરે આપણા શહેરની સુપ્રતિષ્ઠિત અને વિખ્યાત એવી રાજપથ કલબની વિશાળ અને હરીયાળી લોનમાં અમદાવાદની સલૂણી સંધ્યાના સથવારે કરેલ છે.

### ૧. ડાયરો :

ગુજરાતી લોકસાહીત્ય તથા સૌરાષ્ટ્રના રૂઢીગત કાર્યક્રમોના શિરોમણી તેમજ સ્વર સમ્રાટ કલાકારો દ્વારા ડાયરો તથા ગીતોનો સુમધુર કાર્યક્રમ.
**કલાકારો :** શ્રી પ્રફુલ દવે, વત્સલ પાટીલ, રણજીત વાંક
**તારીખ :** ૨૪ એપ્રિલ, ૨૦૧૦, શનિવાર **સમય :** સાંજે ૮-૩૦ કલાકે **સ્થળ :** રાજપથ કલબ

### ૨. અર્પિતા મુકરજી :

આજના યુગની અદ્‌ભૂત ગાયિકા કોકીલકંઠી સુશ્રી અર્પિતા મુકરજી દ્વારા કર્ણપ્રિય ગીતોનો સુમધુર કાર્યક્રમ.
**તારીખ :** ૧ મે, ૨૦૧૦, શનિવાર **સમય :** સાંજે ૮-૩૦ કલાકે **સ્થળ :** રાજપથ કલબ

### ૩. રાહુલ વૈદ્ય - ગાયસીલ નોરોન્હા નાઇટ :

ટી.વી. શ્રેણી ઈન્ડીયન આઈડોલના બીજા ક્રમના ઉમેદવાર તથા સુપ્રસિધ્ધ ગાયક કલાકારના કંઠે હીન્દી ફીલ્મોના ગીતોનો સુમધુર કાર્યક્રમ.
**તારીખ :** ૮ મે, ૨૦૧૦, શનિવાર **સમય :** સાંજે ૮-૩૦ કલાકે **સ્થળ :** રાજપથ કલબ

### ૪. શ્રેયા ઘોષાલ નાઇટ :

હીન્દી ફીલ્મોની વિખ્યાત પાશ્વ ગાયિકા કોકીલકંઠી સુશ્રી શ્રેયા ઘોષાલ દ્વારા કર્ણપ્રિય ગીતોનો સુમધુર કાર્યક્રમ.
**તારીખ :** ૨૩ મે, ૨૦૧૦, શનિવાર **સમય :** સાંજે ૮-૩૦ કલાકે **સ્થળ :** રાજપથ કલબ

### ૫. પ્રિતમ - લાઇવ કન્સર્ટ:

હીન્દી ફીલ્મોના વિખ્યાત પાશ્વ ગાયક શ્રી પ્રિતમ દ્વારા કર્ણપ્રિય ગીતોનો સુમધુર કાર્યક્રમ.
**તારીખ :** ૨૮ મે, ૨૦૧૦, શનિવાર **સમય :** સાંજે ૮-૩૦ કલાકે **સ્થળ :** રાજપથ કલબ

### નોંધ :-

સમગ્ર **પાંચ** કાર્યક્રમના પ્રવેશપત્રનો દર **રૂા. ૩૦૦.૦૦ વ્યક્તિ દીઠ**
મેમ્બર દીઠ ફક્ત ૪ પ્રવેશપત્ર વહેલા તે પહેલાના ધોરણે **I -Card / Authority Letter** બતાવી સંસ્થાની ઓફીસેથી **તા.૨૦-૦૪-૨૦૧૦ થી આપવામાં આવશે.** બેઠક વ્યવસ્થા વહેલા તે પહેલાના ધોરણે રહેશે.

**આવા સુંદર કાર્યક્રમોનો લાભ લેવા સંસ્થાના મિત્રોને હાર્દિક આમંત્રણ છે.**

**P.T.O.**

**રાકેશ પટેલ** ચેરમેન
**રામચંદ્ર પટેલ** કો-ચેરમેન
**ભરત મોદી** કન્વીનર
**ચિરંજીવ પટેલ** કો-ઓર્ડીનેટર

Entertainment Committee

Nirman Bhavan, Opp. Law Garden,
Ellisbridge, Ahmedabad - 380 006.
Phone : 26565935, 8019993,
Telefax : 079 - 26430213,
E-mail : sssofgicea@yahoo.in,
www. gicea.com

# SOCIAL SECURITY SCHEME OF GICEA

**Saurin Shah**
Hon. Treasurer

**Prashant Shah**
Chairman

**Vikas Shah**
Hon. Secretary

ISO 9001-2008
CERTIFIED INSTITUTE
ISOQAR QUALITY ASSURED ISO 9001
UKAS QUALITY MANAGEMENT 026

**Circular No. SSS/02/2010-11** **19-04-2010**

પ્રિય સભ્ય મિત્ર,

**સ્વસ્થ મન....... સ્વસ્થ તન......... સ્વસ્થ જીવન...............**

સભ્યો તથા પરીવારના તંદુરસ્ત અને આનંદિત જીવન માટે હંમેશા કાર્યરત રહેતી આપણી ગૌરવશાળી યોજનાના ઉપક્રમે ઈમોશનલ એન્જીનીયરીંગ વિષય ઉપર એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

## વિષય પરિચય : ઇમોશનલ એન્જીનીયરીંગ

સામાન્ય રીતે વ્યકિત વિચારતી હોય છે કે, ઈમોશન એટલે કે, લાગણી - ઉર્મી બહારથી ઉત્પન થાય છે. પરંતું વાસ્તવિક્તા એ છે કે, ઉર્મીઓ (ઈમોશન્સ) આપણા અંતરની આંતરીક પરિસ્થિતિ છે અને વ્યકિત પોતે તેના કંટ્રોલર છે. ઉર્મીઓને યોગ્ય દીશામાં વાળવામાં ન આવે તો, આંતરિક શક્તીઓ ડીસ્ટર્બ થતી હોય છે. ઉર્મીઓ આપણી તાકાત નહી પરંતું આંતરીક, માનસિક પરિસ્થિતિ છે, આજની વિચારશક્તિ કે સંકલ્પ શક્તિ શું હોય છે? ઉર્મી શું છે? અને કઇ રીતે તેને યોગ્ય દીશામાં વાળી શકાય અને આંતરિક તાકાત કે શક્તિને કેવી રીતે હકારાત્મક કરવી કે જેથી વ્યકિતત્વનો સુંદર વિકાસ કરી પરિવર્તન થઇ શકે, સ્વયંમ્‌ની ઉર્મી પ્રતિ જાગૃતિ કેળવી યોગ્ય દીશામાં ચેનલાઇઝ કરી શકાય. ઉર્મીઓ પ્રતિ જાગૃતિ ન હોવાના કારણે એનર્જી ડીસ્ટર્બ થાય છે. જેનો પ્રભાવ મન તથા શરીર ઉપર પડે છે અને ૯૦ ટકા બિમારીઓનું કારણ બને છે, આમ ઈમોશનલ એન્જીનીયરીંગ (ઉર્મીઓને યોગ્ય રીતે ચેનલાઇઝ) કરવાથી આંતરિક તનાવ - આવેશ - નિરાશા કે નેગેટીવીટીને સમાપ્ત કરી શકાય છે.

## વક્તા પરિચય : શ્રી ઇ. વી. સ્વામીનાથન

શ્રી ઈ.વી. સ્વામીનાથને કાલીકટ યુનીવર્સીટી માંથી બી.ટેક ઈન મીકેનીકલ એન્જીનીયરીંગની ડીગ્રી પ્રાપ્ત કરેલ છે. તેઓ એક અતિ ઉત્સાહીત તાલીમ દાતા, કુશળ વ્યવસાયિક સલાહકાર ચિત્તને કે ધ્યાનને ખંતથી અને સાચી રીતે એકાગ્ર કરનાર એક વિરલ વ્યકિત છે, તેઓએ સંખ્યાબંધ રીતે વિવિધ ટી.વી. ચેનલો ઉપર વિવિધ વિષયો ઉપર વાર્તાલાપ આપેલ છે. તેઓશ્રી છેલ્લા ઘણા સમયથી બ્રહ્માકુમારી અખિલ વિશ્વ અધ્યાત્મિક યુનીવર્સીટી સાથે સંકળાયેલ છે. તેઓએ જુદા જુદા વિષયો ઉપર ભાભા એટોમિક રીસર્ચ સેન્ટર, રીલાયન્સ એનર્જી, મારૂતિ ઉદ્યોગ, સ્ટેટ બેંક જેવી સંસ્થાઓમાં સેમીનાર યોજેલી છે. તેઓશ્રી અંગ્રેજી, હીન્દી, મલયાલમ ભાષા જાણે છે, તેમજ કોમ્પ્યુટરના પણ નિષ્ણાત છે. તેઓશ્રી ખાસ કરીને ઈમોશનલ એન્જીનીયરીંગ, મેઇક માઇન્ડ યોર બેસ્ટ ફ્રેન્ડ, મેમરી મેનેજમેન્ટ, પરપઝ ઓફ લાઇફ વિગેરે વિષયો ઉપર ખૂબજ સારી રીતે છણાવટ કરી શકે છે.

## કાર્યક્રમ :

**વિષય** : **ઇમોશનલ એન્જીનીયરીંગ**

**તારીખ** : ૨૪-૪-૨૦૧૦, શનિવાર

**સમય** : રજીસ્ટ્રેશન - સાંજે ૬.૦૦ કલાક, કાર્યક્રમ - સાંજે ૬.૩૦ કલાકથી

**સ્થળ** : ગજ્જર હોલ, નિર્માણ ભવન, લૉ ગાર્ડન, અમદાવાદ.

**ડીનરનું આયોજન ૧૭૫ વ્યક્તિ પુરતું જ મર્યાદીત છે. સમયસર રજીસ્ટ્રેશન કરાવી ડીનરના પાસ મેળવી લેવા વિનંતી છે.**

**સ્નેહલ શાહ**
માનદ્‌સહખજાનચી

**કમલેશ મોદી**
વાઇસ ચેરમેન

**તુષાર પટેલ**
માનદસહ્‌મંત્રી

**“ભ્રાતૃભાવ દ્વારા સલામતી”**

સોશ્યલ સિક્યુરિટી સ્કીમ

Print : Balaji - 26423302